e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 145
May 30, 2008

## પશ્ચિમ ઝોન (રાંદેર), ની કામગીરી

સુરત શહેરના પશ્ચિમ ઝોન (રાંદેર) માં તાપી પાળાનાં બાંધકામમાં નડતરરૂપ ઝુંપડાઓને કેન્દ્ર સરકારશ્રીની JnNURM તથા રાજય સરકાર અને સુરત મહાનગરપાલિકા સંયુકત આવાસ યોજના હેઠળ આવાસો બાંધવાનું કામ પ્રગતિમાં છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કમગીરી

નોર્થઝોન (કતારગામ) મારફતે તા.૨૬–૦૫–૨૦૦૮ ના રોજ રાત્રિ દરમ્યાન સ્પેશીયલ દબાણ હટાવ ઝુંબેશ કરવામાં આવેલ. જેમાં કતારગામ મેઈન રોડ, બાલાશ્રમ–હેલ્થ સેન્ટર રોડ, પારસ શાકમાર્કેટ વિસ્તાર,પંડોળ વેડ રોડ, શ્યામા પ્રસાદ –કાંસાનગર ગાર્ડનના ફુડ એરિયા મળી કુલ ૧૪૩ દબાણો જપ્ત કરી ગાયત્રી વાહન ડેપો, નોથ ઝોન(કતારગામ) પર જમા લેવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત શહેરનાં વિવિધ ઝોનમાં આવેલ નીચાણવાળા વિસ્તારોમાં ભરાતાં વરસાદી પાણીનાં અસરકારક અને ઝડપી નિકાલ અર્થે સુરત મહાનગરપાલિકા દ્વારા સઘન આયોજન હાથ ધરવામાં આવેલ



સુરત શહેરનાં જુના (૧૧૨.૨૧ ચો.કિ.મી.) વિસ્તાર વરસાદી પાણીનાં નિકાલ માટેની વ્યવસ્થા ધરાવે છે. આ વિસ્તારનાં ૩૧ % રસ્તાઓ પર કુલ ૩૨૧.૫૩ કિ.મી.ની લંબાઈ ની વિવિધ વ્યાસ/સાઈઝની વરસાદી ગટર અસ્તિત્વમાં છે. સુરત શહેરનો વિકાસ અત્યંત ઝડપથી વિસ્તરતાં વરસાદી પાણીનાં અસરકારક અને ઝડપી નિકાલ માટે આ હયાત વરસાદી ગટર યોજનાનું વિસ્તૃતીકરણ આવશ્યક જણાતાં સુરત શહેરનાં આ જુના વિસ્તારને સંપૂર્ણ પણે,૧૦૦% આવરી લેતી વરસાદી ગટરની વિસ્તૃતીકરણની રૂા.૧૩૩.૮૨ કરોડની યોજના તૈયાર કરી jnNURM હેઠળ મંજુર કરાવવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોન વિસ્તારની કામગીરી

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં. ૯ નોંધ નં. ૧૪૩૦ શિવ ચેમ્બર્સ નામે ઓળખાતી મિલ્કતમાં ઈમપેકટ ફી/પાર્કીગ ફ્રીએશન ફીના નાણા ભરવા તાકીદ કરવા છતાં નાણા ભરપાઈ ન કરતા મિલ્કતદાર/કબ્જેદારોને બી.પી.એમ.સી. એકટ ૨૬૮ મુજબ નોટીસ બજાવી જી–૩ નંબરની દુકાને સીલ કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન(રાંદેર),ની કામગીરી

સુરત શહેરના પશ્ચિમ ઝોન(રાંદેર) માં નવા સમાવિષ્ટ વિસ્તાર વરીયાવ–તાડવાડી માં ટી.પી. સ્કીમ નં. ૩૬ (વરીયાવ) માં સરકારશ્રી તરફથી બનાવવામાં આવેલ ગ્રામગૃહ નિર્માણ બોર્ડ સુરત મહાનગરપાલિકા મોડલ સ્લમ બનાવવાનું આયોજન હાથ ધરેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર), ની કામગીરી

સુરત શહેરના પશ્ચિમ ઝોન (રાંદેર) માં તાપી પાળાનાં બાંધકામમાં નડતરરૂપ ઝુંપડાઓને કેન્દ્ર સરકારશ્રીની JnNURM તથા રાજય સરકાર અને સુરત મહાનગરપાલિકા સંયુકત આવાસ યોજના હેઠળ આવાસો બાંધવાનું કામ પ્રગતિમાં છે. બાયોમેટ્રીકસ સર્વેમાં યોગ્ય પુરાવાઓ રજુ કરાયા બાદ કુલ–૭૮–કુટુંબો પૈકી ૨૪–કુટુંબોને આજરોજ ટી.પી. સ્કીમ નં.૨૩(રાંદેર) ના ફા.પ્લોટ નં.૩૭ ખાતે તથા ૫૪ –કુટુંબોને ટી.પી.સ્કીમ નં.૩૦(રાંદેર) ના ફા.પ્લોટ નં.૧૪૩ ખાતે આવાસ ફલેટો ફાળવણીની કાર્યવાહી પશ્ચિમ ઝોન(રાંદેર) તથા સ્લમ અપગ્રેડેશન સેલ સંયુકતપણે જાહેર ડ્રો કરવામાં આવેલ. આ જાહેર ડ્રો અડાજણ ચોકસીની વાડી ખાતે રાખવામાં આવેલ હતો. તથા જાહેરમાં ડ્રો કરવામાં મહાનગરપાલિકા ના પદાઅધિકારીઓ પૈકી સ્થાયી સમિતિ અધ્યક્ષ, મહાનગરપાલિકાના ડે.કમિશનર શ્રી (જનરલ) ના અધ્યક્ષ સ્થાને ઝોનલ ચીફશ્રી, ઝોનલ ઓફિસરશ્રી સહિતના અધિકારીઓની હાજરીમાં જાહેર ડ્રો નો કાર્યક્રમ સફળ બનાવવામાં આવેલ હતો.

TOP

## નોર્થઝોન (કતારગામ) ની કમગીરી

નોર્થઝોન (કતારગામ) મારફતે તા.૨૬–૦૫–૨૦૦૮ ના રોજ રાત્રિ દરમ્યાન સ્પેશીયલ દબાણ હટાવ ઝુંબેશ કરવામાં આવેલ. જેમાં કતારગામ મેઈન રોડ, બાલાશ્રમ–હેલ્થ સેન્ટર રોડ, પારસ શાકમાર્કેટ વિસ્તાર,પંડોળ વેડ રોડ, શ્યામા પ્રસાદ –કાંસાનગર ગાર્ડનના ફુડ એરિયા મળી કુલ ૧૪૩ દબાણો જપ્ત કરી ગાયત્રી વાહન ડેપો, નોથ ઝોન(કતારગામ) પર જમા લેવામાં આવેલ.

એક નવતર પ્રયોગરૂપે નવા સમાવિષ્ટ વિસ્તાર ઉત્રાણ, અમરોલી, છાપરાભાઠા અને કોસાડ તથા જુના ગામતળ ડભોલી, સીંગણપોર વિગેરેમાં આરોગ્ય વિષયક તથા ઈજનેરી પ્રકારની તમામ કામગીરી ઝુંબેશના રૂપે હાથ ધરાનાર છે. જે પૈકી તા.૨૭/૫/૨૦૦૮ના રોજ નોર્થ ઝોનનો અડધો સ્ટાફ, લોડર મશીનો, ટ્રકો તથા રોલરો ફાળવી ઉત્રાણ ગામતળ, ઉત્રાણ પાવર હાઉસ રોડ અને અમરોલીથી ઉત્રાણ રોડ પરનું ટ્રેન્ચ રીપેરીંગ, રીપેરીંગ કરવા જોગ ખાડા, ઝાડી–ઝાંખડા કટીંગ, સફાઈ કામ તથા ડ્રેનેજન લગતી કામગીરી એક સાથે કરવામાં આવેલ. જે આ વિસ્તારના મ્યુ. સદસ્યશ્રીઓ, ડે. કમિશનરશ્રી (પ. અને ઈ.) ગામીત સાહેબ, કાર્યપાલક ઈજનેરશ્રી જયદિપસિંહ ચૌહાણ, ડેપ્યુટી ઈજનેરો તથા અન્ય સ્ટાફની દેખરેખ હેઠળ પૂર્ણ કરવામાં આવી. જેમાં ગામના અગ્રણીઓ અને નાગરિકોનો સુંદર પ્રતિભાવ સાંપડયો.

TOP

## સુરત શહેરનાં વિવિધ ઝોનમાં આવેલ નીચાણવાળા  વિસ્તારોમાં ભરાતાં વરસાદી પાણીનાં અસરકારક અને ઝડપી નિકાલ અર્થે સુરત મહાનગરપાલિકા દ્વારા સઘન  આયોજન હાથ ધરવામાં આવેલ



સુરત શહેરનાં જુના (૧૧૨.૨૧ ચો.કિ.મી.) વિસ્તાર વરસાદી પાણીનાં નિકાલ માટેની વ્યવસ્થા ધરાવે છે. આ વિસ્તારનાં ૩૧ % રસ્તાઓ પર કુલ ૩૨૧.૫૩ કિ.મી.ની લંબાઈ ની વિવિધ વ્યાસ/સાઈઝની વરસાદી ગટર અસ્તિત્વમાં છે. સુરત શહેરનો વિકાસ અત્યંત ઝડપથી વિસ્તરતાં વરસાદી પાણીનાં અસરકારક અને ઝડપી નિકાલ માટે આ હયાત વરસાદી ગટર યોજનાનું વિસ્તૃતીકરણ આવશ્યક જણાતાં સુરત શહેરનાં આ જુના વિસ્તારને સંપૂર્ણ પણે,૧૦૦% આવરી લેતી વરસાદી ગટરની વિસ્તૃતીકરણની રૂા.૧૩૩.૮૨ કરોડની યોજના તૈયાર કરી jnNURM હેઠળ મંજુર કરાવવામાં આવેલ છે. આ યોજનાનો તબકકાવાર અમલીકરણનો કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવેલ છે. જયારે સુરત શહેરમાં સમાષ્ટિ નવા વિસ્તારો પૈકી વેસુ તેમજ પૂણા –સીમાડા, સરથાણા, મગોબ વિસ્તારમાં વરસાદી ગટર તૈયાર કરવાની અનુક્રમે રૂા. ૪૯.૯૫ કરોડ અને રૂા.૩૪.૨૬ કરોડની યોજના તૈયાર કરી jnNURM  હેઠળ મંજુર કરાવી અમલીકરણની કામગીરી હાથ ધરવામાં આવે છે. જયારે અન્ય વિસ્તારોની વરસાદી ગટર યોજના તૈયાર કરવાના આયોજનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી નવા ઉત્તર વિસ્તાર–અમરોલી, કોસાડ, છાપરાભાઠા, ઉતરાણ, મોટાવરાછા, વરીયાવ વિસ્તારમાં વરસાદી ગટરની યોજનાના રૂા. ૧૫૭.૬૯ કરોડના પ્રોજેકટ રિપોર્ટ ચકાસણી હેઠળ છે.



આ સમગ્ર યોજનાને પૂર્ણ થતા બે વર્ષ ઉપરાંતનો સમય વ્યતિત થાય તેમ છે, જે ધ્યાને લેતાં હાલ તુરંત વરસાદી પાણીના ભરાવાનો અસરકારક રીતે નિકાલ થઈ શકે તે માટે સુરત મહાનગરપાલિકાનાં સાતેય ઝોનમાં નિંચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણીના ભરાવો થતાં લોકેશનનું સ્થળ નિરીક્ષણ કરીને  આગામી ચોમાસા દરમ્યાન  આવા સ્થળોએ વરસાદી પાણીનો અસહય ભરાવો ન થાય તે માટે વિવિધ ઝોન મારફત વરસાદી ગટર અંગે સઘન કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી રાંદેર ઝોન વિસ્તારમાં રંગીલા સર્કલ તથા ન્યુઝ એવન્યુ રોડના પાણીના નિકાલ અર્થે રૂા. ૩૪.૦૦ લાખના ખર્ચે ૧૨૦૦ મી.મી. વ્યાસના પાઈપો નાંખવામાં આવેલ. જહાંગીરાબાદ અને રામનગર વિસતારમાં પાણી ભરાવાના પ્રશ્નના નિકાલ અર્થે રૂા. ૧૪.૯૫ કરોડના ખર્ચે વરસાદી ગટર નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. સરીતા સાગર સંકુલ થી અક્ષર પ્લાઝા સુધી રૂા.૧૦.૮૧ લાખના ખર્ચે ૯૦૦  મી.મી. વ્યાસના પાઈપો નાંખવામાં આવેલ છે. અઠવા ઝોનમાં ગૌરવપથ થતાં પાણીનાં ભરાવાનાં  નિકાલ અર્થે રૂા.૧.૪૨ કરોડના ખર્ચે ૧૬૦૦ મી.મી. વ્યાસના પાઈપો નાંખવાની તથા સારંસવતનગર પાસે રૂા. ૫૦.૦૦ લાખના ખર્ચે ૧૪૦૦ મી.મી. વ્યાસના પાઈપો નાંખવાની કામગીરી યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવેલ છે. તથા ચોમાસા પહેલાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સેન્ટ્રલઝોન માં મજુરાગેટ જંકશન પાસે રૂા.૧૩.૦૦ લાખના ખર્ચે ૯૦૦ મી.મી. વ્યાસના પાઈપો નાંખવાની કામગીરી કરવામાં આવેલ છે. વરાછા ઝોનમાં વલ્લભાચાર્ય રોડ તેમજ લંબેહનુમાન રોડથી દર્પણ ડેપો થઈ ખાડી મોહલ્લા સુધી રૂા.૨.૦૬ કરોડ ના ખર્ચે ૨૨૦૦ મી.મી. વ્યાસની વરસાદી ગટર નાંખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. હાલમાં રાંદેરઝોનમાં

પાંચ, કતારગામ ઝોનમાં ત્રણ, વરાછા ઝોનમાં ચાર, અઠવાઝોનમાં ત્રણ, ઉધનાઝોનમાં પાંચ જગ્યાઓ ઉપર વરસાદી ગટર નાંખવાની કામગીરી ચાલી રહેલ છે. અને આ કામગીરીઓ ચોમાસા પહેલા પૂર્ણ કરવામાં આવનાર છે.




વિવિધ ઝોનના નિંચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણીના સરળ અને અસરકારક નિકાલ માટે ૨૦૦૭–૦૮ ની સાલમાં લિંબાયત ઝોનમાં ૮૨૦૦ રનીંગ મીટર, કતારગામ ઝોનમાં ૧૫૦૦ રનીંગ મીટર, અઠવાઝોનમાં ૩૮૬૦૦ રનીંગ મીટર તથા વરાછા ઝોનમાં ૯૩૫૦ રનીંગ મીટર કાચી ગટર ખોદવાની કામગીરી કરવામાં આવેલ છે.વરસાદી પાણીના નિકાલ અર્થે વર્ષ ૨૦૦૬–૦૭ દરમ્યાન વિવિધ ઝોન વિસ્તારમાં રૂા. ૧૧.૦૧ લાખના ખર્ચે ૧૨૦૮૫.૦૦ રનીંગ મીટર કાચી વરસાદી ગટરનું ખોદાણ તથા રૂા.૭૭૪.૭૪ લાખના ખર્ચે ૧૦૪૦૪.૫૦ રનીંગ મીટર પાકી વરસાદી ગટરનું બાંધકામ કરવામાં આવેલ. વર્ષ ૨૦૦૭ થી આજદિન સુધી રૂા.૩૬.૯૧ લાખના ખર્ચે ૫૭૬૫૦.૦૦ રનીંગ મીટર કાચી વરસાદી ગટરનું ખોદાણ તથા રૂા. ૫૮૭.૯૦ લાખના ખર્ચે ૧૭૩૬૧.૫૦ રનીંગ મીટર પાકી વરસાદી ગટરનું બાંધકામ કરવામાં આવેલ.

સુરત શહેરમાંથી પસાર થતી ખાડીઓનાં ડ્રેજીંગ/સાફ સફાઈની કામગીરી અવિરત પણે પ્રગતિ હેઠળ છે. અને કરાવવા જોગ કુલ્લે ૫૯.૩૨ કિ.મી. પૈકી ૪૨.૮૦ કિ.મી. માં ડ્રેજીંગ/સાફ સફાઈની કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે અને બાકીની કામગીરી ચોમાસા સુધીમાં પુર્ણ કરવામાં આવનાર છે. સદર ડ્રેજીંગ/સાફ સફાઈની કામગીરી માટે ૧૩ પોકલેન મશીન અને ૧૫ જેસીબસ મશીનો રોકી સઘન કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

નવા વિસ્તારોમાં કાચી ગટરો ખોદી, કુદરતી વહેણનાં મહત્તમ નિકાસોને ખુલ્લા કરી સોસાયટીના એપ્રોચ પર જરૂરીયાત મુજબના વ્યાસના પાઈપો નાંખીને વરસાદી પાણીના સુપેરે નિકાલ અર્થેની કામગીરી કરવામાં આવેલ છે. તદુપરાંત હયાત સ્ટ્રોર્મ ડ્રેનેજ નેટવર્ક ઉપર ભૂતકાળનાં અનુભવના આધારે જરૂરિયાત અનુસાર ઈનલેટ ચેમ્બરોની સંખ્યા પણ પૂરતા પ્રમાણમાં વધારવામાં આવેલ છે.

તાપી નદી તથા વિવિધ ખાડી પરનાં વરસાદી ગટરના આઉટલેટ ઉપર બનાવવામાં આવેલ કુલ્લે ૨૩ ફલડ ગેટનું સરળતાથી સંચાલન થઈ શકે તે હેતુસર મરામત અને નિભાવની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

જુદા જુદા ઝોન વિસ્તારમાં વરસાદી ગટરના પ્રકલ્પોનું નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

| ઝોન | જુના વિસ્તારમાં વરસાદી ગટરનું આયોજન (રૂા.કરોડમાં) | નવા વિસ્તારમાં વરસાદી ગટરનું આયોજન (રૂા.કરોડમાં) | કુલ (રૂા. કરોડમા) |
|---|---|---|---|
| વરાછા | ૧૦.૮૮ | ૩૪.૨૬ | ૪૫.૧૪ |
| અઠવા | ૨૬.૪૫ | ૧૬૨.૬૫ | ૩૫૧.૭૫ |
| લિંબાયત | ૯.૫૬ | ૨૫.૬૪ | ૩૫.૨૦ |
| કતારગામ | ૨૬.૩૯ | ૧૭૫.૬૯ | ૧૮૪.૦૮ |
| સેન્ટ્રલ | ૩.૩૩ | ––– | ૩.૩૩ |
| ઉધના | ૨૦.૬૫ | ૫૬.૩૫ | ૭૭.૦૦ |
| રાંદેર | ૩૬.૫૬ | ૨ ૫.૪૭ | ૬૩.૦૩ |
| **કુલ** | **૧૩૩.૮૨** | **૪૬૨.૦૬** | **૫૯૫.૮૮** |

**TOP**

## સેન્ટ્રલ ઝોન વિસ્તારની કામગીરી

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં. ૯ નોંધ નં. ૧૪૩૦ શિવ ચેમ્બર્સ નામે ઓળખાતી મિલ્કતમાં ઈમપેકટ ફી/પાર્કીગ ફ્રીએશન ફીના નાણા ભરવા અવાર નવાર તાકીદ કરવા છતાં નાણા ભરપાઈ ન કરતા મિલ્કતદાર/કબ્જેદારોને બી.પી.એમ.સી. એકટ ૨૬૮ મુજબની નોટીસ બજાવી જી–૩ નંબરની દુકાને સીલ કરવામાં આવેલ છે. તથા બેઝમેન્ટના કબ્જેદારો પાસેથી ઈમ્પેકટ ફી ના બાકી નાણા રૂા.૧૫,૦૦૦/– ના એડવાન્સ ચેકો લેવામાં આવેલ છે. વોર્ડ નં. ૧૦ નોંધ નં. ૫૨૮ ના મિલકતદાર તથા કબ્જેદારો પાસેથી રૂા.૮,૦૦,૦૦૦/– ના એડવાન્સ ચેકો લેવામાં આવેલ છે. તથા વોર્ડ નં. નોંધ નં.. ૧૧૦૧/અ–બ, ૧૧૦૩ ના મિલકતદાર પાસેથી રૂા.૨,૦૩,૨૮૧/– ના એડવાન્સ ચેકો થઈ કુલ રૂા.૧૦,૪૫,૨૮૧/– ના એડવાન્સ ચેકો લેવામાં આવેલ છે.

નજીકના દિવસોમાં ઈમ્પેકટ ફી તથા પાર્કિંગ ફ્રીએશન ફી પેટે બાકી નાણાની કડક હાથે ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. તથા જરૂર પડયે દુકાનો /ફલેટ સીલ કરવામાં આવનાર છે.

ઉપરોકત કામગીરી આસી.કમિશનરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રી ના માર્ગદર્શન હેઠળ ડે. ઈજનેરશ્રી, શહેર વિકાસ ખાતાના સ્ટાફની મદદથી સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

TOP

## પશ્ચિમ ઝોન(રાંદેર),ની કામગીરી

સુરત શહેરના  પશ્ચિમ ઝોન(રાંદેર) માં નવા સમાવિષ્ટ વિસ્તાર વરીયાવ–તાડવાડી માં ટી.પી. સ્કીમ નં. ૩૬ (વરીયાવ) માં સરકારશ્રી તરફથી બનાવવામાં આવેલ ગ્રામગૃહ નિર્માણ બોર્ડ સુરત મહાનગરપાલિકા મોડલ સ્લમ બનાવવાનું આયોજન હાથ ધરેલ છે. જેના ભાગરૂપે હાલમાં રસ્તા બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. સદર ગ્રાહગૃહ નિર્માણ બોર્ડ માં આશરે ૩૦૦ જેટલા કાચા/પાકા મકાનો આવેલ છે. જેના આંતરિક રસ્તા ૨૦ ફુટ તથા ૪૦ ફુટની પહોળાઈના  છે. પરંતુ સદર જગ્યા ઉપર પ્લોટ  હોલ્ડરો ધ્વારા ૨૦ ફુટ અને ૪૦ ફુટ પહોળાઈના રસ્તા ઉપર ૧૦ ફુટ જેટલું ઓટલાનું બાંધકામ તથા પતરાના શેડનું બાંધકામ બનાવવામાં આવેલ. સદર બાંધકામ રસ્તાના કામમાં નડતરરૂપ હોય આજરોજ આ દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.

આમ થવાથી ગ્રાહગૃહ નિર્માણ બોર્ડના આંતરિક રસ્તાઓ પુરેપુરી પહોળાઈમાં ખુલ્લા તશે અને સદર રસ્તાઓ ઉપર પ્રાથમિક સુવિધાઓ જેવીકે રસ્તા, ગટર, પાણી, સ્ટ્રીટ લાઈટ વિગેરે જેવી સુવિધા આપવામાં સરળતા રહશે.

ઉપરોકત કામગીરી માન.ઝોનલ ચીફશ્રી સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોન, કતારગામ ઝોન, અઠવા ઝોન, ઉધના ઝોન તથા વરાછા ઝોનના શહેર વિકાસ/દબાણ વિભાગના સ્ટાફ અને સીકયોરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP